# ગઝલ

## વીકી ત્રીવેદી

### (1)

ઈચ્છા ત્યજી નથી ને કંઈ ખંત પણ નથી!
જીવી રહ્યો છું હું ને જીવંત પણ નથી!

જીવી શકાય નહીં એ પીડા મળી મને,
મૃત્યુને ચાહું એવી અત્યંત પણ નથી.

આવે નવા જખમ તો તૈયાર છો નથી,
જુના જખમનો મારે કંઈ તંત પણ નથી.

ખાઈ પી ને મજા તો અંતે કરે છે સૌ,
મારી કથા છે ચાલુ હજુ અંત પણ નથી.

એવો ગરીબ ક્યાં છું કે માંગી પણ શકું,
સુખને ખરીદું એવો ધનવંત પણ નથી.

દોસ્તો, તમે છો દીધી લાખો દુવા મને,
સાચું કહું એ એકે ફળવંત પણ નથી!

મારા હૃદય ને મનથી પુરો ભરેલ છું,
ને બહારથી હજી હું સાદ્યંત પણ નથી.

હું આ જગતની સઘળી વ્યાખ્યાથી છું પરે,
માણસ અલગ છું હું ને ભગવંત પણ નથી.

બીજું તો શું ‘ઉપેક્ષીત’ ખુદના વીશે કહે?
કરતો નથી ગુના ને કંઈ સંત પણ નથી!

## (2)

ક્યારેક ધુપ મળશે, ક્યારેક છાંવ મળશે;
યાને સમયના કાયમ નોખા સ્વભાવ મળશે!

છે ખેલ ભાગ્ય કેરા ગેબી અને વીલક્ષણ,
દરીયો જો શાંત મળશે; તો કાણી નાવ મળશે!

બીજા બધા અભાવો ભુલી જવાશે ત્યારે,
જીવનમાં એક પણ જો સાચો લગાવ મળશે.

વેંઢારવાની ક્ષમતા એથી વધારી છે મેં,
ઉપચાર જેના ના હો એવાય ઘાવ મળશે!

ભુલી ગયો છે તું કે આ જીંદગી રમત છે,
રાજી ન થા ઓ દુશ્મન અમનેય દાવ મળશે.

પથ્થર ભલે હું લાગું; પણ છું નહીં ખરેખર,
ઉતરી શકો હૃદયમાં તો એક વાવ મળશે!

પરીશ્રમને દીધું છે મેં સરનામું મારા ઘરનું,
સુખની હવે તો થોડી અહીં આવજાવ મળશે.

હું પ્રેમ શબ્દરુપે કરતો નથી કદી પણ;

સમજી શકો તો સમજો, બસ, હાવભાવ મળશે.

જીવન નદી છે એવી નક્કી નથી કશું જ્યાં,
સીધો કદી, કદી બહુ આડો વહાવ મળશે!

વસમી રહી ન પતજડ બસ એક આ વીચાર,
જ્યારે બહાર મળશે કેવો ઉઠાવ મળશે?

મંજીલ ભલેને ભાગી મારાથી દુર હમણાં;
બીજું શું થાશે? બે ત્રણ બીજા પડાવ મળશે.

તું જે ગમે છે તે કર ને કર ખરા હ્રદયથી;
સાચો ઝવેરી મળશે, તો ખુબ ભાવ મળશે.

આખું જગત 'ઉપેક્ષીત' ઝળહળ કરી જવાનો,
જ્યારે મને આ સુરજ જેવો પ્રભાવ મળશે.

**(3)**

શોધ્યા છે મેં આ પારથી, ઓ પારની દુનીયા સુધી;
ઈશ્વર, ખુદા ને ઈશુ છે, પણ છે ફકત અફવા સુધી!

હું પારકાં દુઃખને ગણી મારાં, રડ્યો છું કાયમી;
નહીંતર કદી અંગત દુઃખો પહોંચ્યાં નથી મારા સુધી.

ભોળું હતું ઝાકળ, સમયની ચાલ જાણી ના શક્યું;
તો હાથ પકડી ચાંદની, ખુદ લઈ ગઈ તડકા સુધી!

ઘરમાં જરા ખટપટ વધી ને બારણાં ખુલી ગયાં,
અંગત હતી એ વાત; પણ પ્હોંચી ગઈ રસ્તા સુધી.

## (4)

હકીકતમાં તો મારી પુર્વતૈયારી નથી હોતી,
બધી આફ્ત નહીંતર; સાવ અણધારી નથી હોતી.

ઘણી ઈચ્છા કુંવારી હોય છે, ઘડપણ સુધી શાને?
હૃદય તારી બધી ઈચ્છાઓ સંસારી નથી હોતી.

તપાસો તો ઘણી ઈચ્છા અધુરી હોય છે ભીતર,
ભલા, અમથી જ કોઈ લાશ કંઈ ભારી નથી હોતી!

ફકત શણગાર કોઈ આંખને ગમતો નથી યારો,
નહીં તો ફુલથી શું લાશ શણગારી નથી હોતી?

તમોને ચાહવામાં એ નીયમ ભુલી ગયો'તો હું,
શમાને તો પતંગાથી કશી યારી નથી હોતી.

કવીતાઓ કવી લખશે, ભલે એના ઉપર મબલખ;
હકીકતમાં બધીયે યાદ કંઈ સારી નથી હોતી,

સતત ભાગ્યો 'ઉપેક્ષીત' તું બધા અવસરથી છેટો, પણ;
મરણ ટાણે શું કરશે? ત્યાં છટકબારી નથી હોતી!

## (5)

બધા કહે છે અલ્લાહની, રહેમ થઈ સૌ પ્રવાસી ઉપર;
ખબર શું કે તોફાનમાં કેવી વીતી ખલાસી ઉપર?

‘હૃદય’ નામના ‘રાજકુંવરે’ કર્યો’તો ગુનો ઈશ્કનો,
ને અરજી કરી ‘લાગણી’ નામની એક ‘દાસી’ ઉપર.

સુખોમાં દુ:ખોમાં, એ રીતે અમે સ્મીત રાખ્યું સતત;
જે રીતે અહીં ફુલ ખીલ્યાં કરે બારમાસી ઉપર.

કણેકણમાં ‘ઈશ્વર’ ને ‘અલ્લાહ’ જો છે, ખરેખર અગર;
ભલા, આટલી ભીડ શું કામ ‘કાબા’ ને ‘કાશી’ ઉપર ?

સમય અન્યનાં દુ:ખ તરફ ધ્યાન દેવામાં ખરચ્યો હતો,
જગા મારી નહીંતર તો હોતી, છું એથીય ખાસ્સી ઉપર.

નજર હોય જો એમ મંઝીલ ઉપર તો ન છટકી શકે,
જે રીતે નજર રાખતા ગોરા અંગ્રેજ ઝાંસી ઉપર.

સુણ્યું છે કે એ મ્હેલ ખંડેર થઈને પડ્યો છે હવે,
સદી પહેલાં હસતો’તો જે ઝુંપડાની ઉદાસી ઉપર.

હૃદયનો પટારો અમે એમ હળવો બનાવ્યો હતો,
ભલે લાગણી નીકળી નહીં; સમજદારી ઠાંસી ઉપર.

લગન, ખંત, મહેનત, પસીનો નીયમ છે સફળતાના આ,
સફળતા નથી મળતી કંઈ હસ્તરેખા કે રાશી ઉપર.

એ આવ્યા બપોરે અગાસીએ તો ખાતરી થઈ મને,
બપોરેય જોઈ શકું ચાંદને હું અગાસી ઉપર.

‘ઉપેક્ષીત’ હૃદયમાં વસે ફક્ત ગુજરાતી ‘મા’ની ગઝલ,

ભલે ને રહ્યું હેત બહુ ‘હીન્દી’ ‘અંગ્રેજી’ માસી ઉપર.

## (6)

વાત મારી સાવ સીધી સાદી છે,
ફક્ત કહેવા પુરતી આઝાદી છે.

બંગલા ગાડીમાં ફરતા હોય છે,
પહેરવા જેને અહીંયાં ખાદી છે.

આવડત તો ઝુંપડામાં કેદ છે,
મુર્ખ પાસે આજ સઘળી ગાદી છે.

સૌ હકીકતથી તો છે વાકેફ, પણ;
બોલશે નહી, મોમાં ભયની ચાંદી છે.

હીંસા ચાલે છે નવી વહુ જેમ ભૈ,
ને અહીંસા આજ ઘરડી દાદી છે.

સોયથી લઈ શસ્ત્ર આયાતી બધું,
દેશમાં બેકાર બહુ આબાદી છે.

એક શાળા સામે દશ મંદીર બને,
રે! ધરમના નામ પર બરબાદી છે.

સત્યના ચાહક ગણ્યા ગાંઠ્યા મળે,
ભ્રષ્ટ લોકોની જ લાંબી યાદી છે.

માંગો જો હક તો તરત ડફણાં મળે,
ને ગધેડા જેમ ફરજો લાદી છે.

નેતા ને ઉદ્યોગપતી ચુસી ગયા,
હીંદ માતા પણ બીચારી માંદી છે!

ખુદ 'ભગત' કે 'ગાંધી' સમજી ના શકે,
આપણે એવી ગજબ આઝાદી છે!

**(7)**

આપણું મળવું - ઝઘડવું - યાદ લઈ ચાલ્યો જવાનો
પ્રેમના સંવાદ ને વીખવાદ લઈ ચાલ્યો જવાનો.

સાચવી રાખેલ ટુકડા ખુંચશે જો અંત વેળા,
હું અધુરાં સ્વપ્નની ફરીયાદ લઈ ચાલ્યો જવાનો.

જીંદગીભર હું હસ્યો છું, આંસુને અંદર દબાવી;
એટલે હું આંખમાં વરસાદ લઈ ચાલ્યો જવાનો.

જીંદગી તારી ગઝલના શેર છે, આ સુખ અને દુ:ખ;
હું બધાએ શેરનો આસ્વાદ લઈ ચાલ્યો જવાનો.

આ મહોબ્બત છે દુ:ખોની રેતનું મૃગજળ 'ઉપેક્ષીત',
હું હરણ જેવો કશો ઉન્માદ લઈ ચાલ્યો જવાનો.

**(8)**

પ્રતીકુળ હવાઓમાં પણ હું ક્યાં અટવાઉ છું?
હું ધજાની જેમ ગમે તે બાજુ લહેરાઉ છું.

મારા ચહેરાના ઓજસને તું નહીં સમજે
'સત્ય' અને 'કરુણા'નો સાબુ ઘસીને ન્હાઉં છું.

જખ્મો પણ મારું હાસ્ય કદી લુંટી ન શકે
હું તો દુઃખની ચટણીમાં પીડાને ખાઉં છું.

ખાલીપો સાગર છે, તો હું ય ખલાસી છું;
કાયમ સ્મરણોની હોડીમાં બેસી જાઉં છું.

અય દુશ્મન મારું માથું તો ઉંચું રહેશે,
મુફલીસ છું; પણ હું ક્યાં તારી જેમ બીકાઉ છું?

સુરજને છાતી કાઢીને દે છે ગાળો
હું તો ઘરના દીવાને પણ દારુ પાઉં છું.

દુઃખો એકેક નહીં ભેગા થઈને આવો,
સહેલાઈથી નહીં તુટું; હું તો ખુબ ટકાઉ છું.

## (9)

લાગણીએ જીંદગીમાં કાયમી વંટોળ મુક્યો.
ઠોકરોની કેટલી સોટીએ બરડે સોળ મુક્યો.

એમ પીસ્યો છે મને મારા બધા એ સદગુણોએ,
જીવરુપી 'તેલ' કાઢી માત્ર તનનો 'ખોળ' મુક્યો.

સત્યને દુનીયા પચાવી ના શકી કોઈ હીસાબે,
એ પછી આત્માએ મોંમાં જુઠરુપી મોળ મુક્યો.

સૌ હવે પુછે છે, કાં લાગી રહ્યા છો સાવ નોખા?
મેંય મારી જાત પર લે, આજ ખોટો ડોળ મુક્યો.

શું કરું કે ત્યાં હવાઓ રક્ત–તરસી ચાલતી'તી,
એટલે માથા ઉપર સાફોય રાતોચોળ મુક્યો.

એક પીત્તળનો નકામો હાર લઈ ફરતો હતો હું,
એય ચમક્યો! જ્યાં મેં સોનાનો જરા સો ઢોળ મુક્યો.

આપણે સૌને હવે ગમતા થઈ જાશું 'ઉપેક્ષીત'
આજથી લ્યો, આપણે પણ જીભ માથે ગોળ મુક્યો.

**(10)**
ડુસકાં, ડુમા, રુદનને માપ જેવું કંઈ નથી.
એટલે કે લય અને આલાપ જેવું કંઈ નથી.

સૌ ગુનેગારો કરે છે એશ ને આરામ ભૈ;
હા, ખરેખર આ જગતમાં પાપ જેવું કંઈ નથી.

શું કરે બીજું? સતત શાળા તરફ તાક્યાં કરે;
ભાગ્યમાં જેના અહીં માબાપ જેવું કંઈ નથી.

સુર્ય સામે એકલું ઝાકળ લડ્યું'તું જ્યાં સુધી,
ત્યાં સુધી તો ફુલ કહે'તું તાપ જેવું કંઈ નથી.

લુંટનારા આદમી સૌ ખુબ આગળ હોય છે,
એટલે કે બદદુવા કે શ્રાપ જેવું કંઈ નથી.

માંડવો, ચોરી, મુરત એ તો 'ઉપેક્ષીત' દંભ છે,

હાથમેળો છે; હૃદય–મેળાપ જેવું કંઈ નથી.

વીકી ત્રીવેદી


## કવી–લેખક સંપર્ક:

Vicky S. Trivedi,

eMail: vinodtrivedi21@gmail.com

Facebook : Vicky Trivedi : https://www.facebook.com/vinod.trivedi.54

Instagram : Author_Vicky : https://www.instagram.com/p/CGCv7bjH2E5/?igshid=31cwckggsu9c

Address :

42, Rajlaxmi Residency, Near new Bus-Station, Ranpur Road, DEESA-385 535

Mobile : **9725358502** eMail : vinodtrivedi21@gmail.com


●●●

## કવીનું સર્જન

### નવલકથાઓ

મૃગજળ; સંધ્યા સુરજ; શમણાંની શોધમાં; ધ ફેન એ મેડનેસ; એજન્ટ A સીરીઝ (ભાગ 1, 2, 3); ભાગ 1 - અંતર આગ; ભાગ 2 – ખેલ; ભાગ 3 - શીકાર

નાગમણી સીરીઝ (ભાગ 1, 2, 3); ભાગ 1 – નક્ષત્ર; ભાગ 2 – મુહુર્ત; ભાગ 3 - સ્વસ્તીક

### વાર્તા સંગ્રહ

એક દુજે કે લીયે...

### અંગ્રેજી નવલકથા

Kaliyuga : Age of Darkness

◆●◆


પ્રકાશક : ત્રીવેદી પ્રકાશન, Mobile : 8154973150

@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો સુરતના યુવાગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

@@@

'સન્ડે ઈ.મહેફીલ'- વર્ષ : સોળમું - અંક : 466- November 22, 2020

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન : સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 4,01,75,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,83,02,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 11,30,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,57,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@

466.GAZALs-VIKI_TRIVEDI-SeM-2020-11-22